# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-06-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં વરસાદ

**કચ્છમાં આજે વરસાદી માહોલ યથાવત છે. જિલ્લાના મોટાભાગના તાલુકામાં ક્યાંક ઝરમર તો ક્યાંક ધોધમાર વરસાદ અત્યારે પડી રહ્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. ભુજ સહિત તાલુકાના માનકુવા, સામત્રા, મોખાણા, દહીંસરા, દેસલપર સહિતના ગામોમાં વરસાદ પડી રહ્યો છે. તો માંડવી તાલુકાના કોડાય, લાયજા, ભાડાઇ, ત્રગડી, આસંબિયા, મઉં, કોકલીયા, ગોધરા, ગઢશીશામાં વરસાદ પડ્યો હતો. માંડવી પંથકમાં વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાયા હતા. નખત્રાણા તાલુકાના દેવપર, વિથોણ, સાંગનારા તેમજ અન્ય ગામોમાં વરસાદ પડ્યો છે. અંજાર તાલુકાના ખેડોઇ, મથડા, નવી દુધઇ, ધમડકા સહિતના ગામોમાં અને રાપર તાલુકાના ખેંગારપર, રામવાવાદમાં વરસાદ પડ્યાના અહેવાલ છે. માંડવી. અબડાસા અને લખપતના ગ્રામ્ય વિસ્તારમાં પણ ઝરમર સ્વરૂપે વરસાદ પડ્યાના અહેવાલ છે. ભુજ-નખત્રાણા રાજ્ય ધોરીમાર્ગ પર વરસાદના પગલે પાણી ફરી વળ્યા હતા. હાઇવે પાણીમાં ગરકાવ થતા વાહન ચાલકોને મુશ્કેલી સર્જાઇ હતી.**

**જિલ્લા કન્ટ્રોલરૂમમાં મળેલી માહિતી અનુસાર સવારે 6થી સાંજના 6 વાગ્યા સુધી પુરા થત 12 કલાક દરમિયાન લખપતમાં 6, નખત્રાણા 4, અંજાર 8, ભુજમાં 17, રાપરમાં 19, માંડવી 33 મિલીમીટર વરસાદ નોધાયો છે. કચ્છમાં સૌથી વધુ મુન્દ્રામાં 50 મિલીમીટર વરસાદ પડ્યો છે.**

**હવામાન વિભાગની આગાહી મુજબ આગામી 7 દિવસ રાજ્યની સાથે કચ્છના કેટલાક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ પડે તેવી સંભાવના છે.**

---

## કચ્છ: શાળા પ્રવેશોત્સવ-કન્યા કેળવણી મહોત્સવ

કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ અંતર્ગત કચ્છમાં 1 હજાર 709 પ્રાથમિક અને 294 માધ્યમિક શાળાઓમાં પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયા હતા. શાળા પ્રવેશોત્સવ દરમિયાન દાતાઓએ રોકડ તથા વસ્તુ સ્વરૂપે દાનની સરવાણી વહેડાવતા અંદાજિત 41 લાખ 62 હજાર 66 રૂપિયાનુ દાન પ્રાપ્ત થયું હતું. કચ્છમાં આંગણવાડી, બાલમંદિરમાં 6 હજાર 579 બાળકોનું નામાંકન જ્યારે બાલવાટિકામાં 19 હજાર 111 બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો. ધો. 1માં 5498 બાળકો સાથે 299 બાળકોએ પુન: પ્રવેશ મેળવ્યો હતો. ધોરણ 9માં 20 હજાર 372 જ્યારે ધોરણ 11માં 6 હજાર 974 વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો હતો. આ સાથે 73 દિવ્યાંગ બાળકોનું નામાંકન પણ કરવામાં આવ્યું હતું. શાળા પ્રવેશોત્સવ દરમિયાન ૧૭ શાળાઓમાં ટ્રાન્સપોર્ટેશન સુવિધાની શરૂઆત કરવામા આવી છે. તેમજ ૧૪૧ કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ ચૂકવવામાં આવ્યા હતા.

---

## પર્યાવરણ શુદ્ધિ વર્ષા મહાયજ્ઞ

ભુજમાં આર્યસમાજ પ્રેરિત સમસ્ત જીવ કલ્યાણ સમિતિ આયોજિત પર્યાવરણ શુદ્ધિ-વર્ષા મહાયજ્ઞમાં ગઇકાલે મોટી સંખ્યામાં યજ્ઞપ્રેમીઓ ઊમટયા હતા. હરિદ્વારથી ખાસ આવેલા યજ્ઞદેવજી મહારાજે યજ્ઞને માત્ર ધાર્મિક અનુષ્ઠાન નહીં પણ અનુભવ અને પ્રયોગાત્મક પરિણામ દ્વારા અસાધ્ય રોગોની સારવારનું માધ્યમ ગણાવ્યું હતું. આ વર્ષા મહાયજ્ઞનું મંગળવારે સમાપન થશે. આગામી વર્ષા મહાયજ્ઞ ભચાઉના ગુણાતીતપુર ખાતે યોજવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો.

---

## સાંસદ ડે નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટ: એવોર્ડ

જિલ્લામથક ભુજમાં છેલ્લા ત્રણ વર્ષથી કચ્છના સાંસદ અને પ્રદેશ ભાજપ મહામંત્રી વિનોદભાઇ ચાવડા, કચ્છલોકસભા પરિવાર અને સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા ઓપન કચ્છ ડે-નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામા આવે છે. આ વર્ષે સૌથી લાંબી ક્રિકેટ ટુર્નામેન્ટનું સફળતાપૂર્વ આયોજન કરાયૂ હતું. આ વખતે **97** દિવસ ચાલેલી ટુર્નામેન્ટમાં **581** ટીમો જોડાઇ હતી જેમાં **7500**થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. **550**થી વધુ મેચો રમાઇ હતી. આ સિદ્ધિ બદલ સાંસદ કચ્છ ડે નાઇટ ક્રિકેટ ટુર્નામેન્ટને વર્લ્ડ રેકોર્ડ ઇન્ડિયામાં સ્થાન મળ્યું છે..

---

## નખત્રાણા: વિકસિત ભારતના 11 વર્ષ

નખત્રાણા તાલુકા ભાજપના ઉપક્રમે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વિકસિત ભારતના **11** વર્ષની સિદ્ધિને પ્રદર્શિત કરવાના હેતુથી કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા જણાવ્યુ કે આજથી **11** વર્ષ પૂર્વે નરેન્દ્રભાઈ મોદીએ સુકાન સંભાળ્યું, ત્યારથી કાશ્મીરનો વિકટ પ્રશ્ન, આતંકવાદ જેવા અનેક પ્રશ્નો ઉકેલાતાં સુરક્ષિત ભારત નિર્ભર ભારતના સંદેશ સાથે વિશ્વમાં વિકસિત દેશોમાં ચોથા ક્રમાંકે સ્થાન પામી વધુ વિકાસના પંથે આગળ વધી રહ્યું છે. કાર્યક્રમમાં સરકારના **11** વર્ષની સિદ્ધિઓને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા રજુ કરાઇ હતી.

---

## ગઢશીશા શાળા: ડ્રગ્સ નાબુદી કાર્યક્રમ

માંડવી તાલુકાની ગઢશીશા કન્યા પ્રાથમિક શાળામાં ડ્રગ્સ નાબુદી માટે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. પોલીસ સ્ટેશનના માર્ગદર્શન હેઠળ કન્યા શાળાના ધોરણ **8**ના બાળકોને ડ્રગ્સ નાબુદી માટે જનજાગૃતિ આવે તે માટે માર્ગદર્શન અપાયું હતું. ઘરે વાલીઓને પણ ડ્રગ્સ નાબુદી અંગે જાગૃત કરવા માટે બાળકોને શપથ લેવડાવાયા હતા.

---

# ગાંધીધામ મહાનગરપાલિકા : પ્લાસ્ટિક જપ્તિ

ગાંધીધામ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા **400** ક્વાર્ટરમાં શાકભાજી માર્કેટમાં પ્લાસ્ટિક જપ્તી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. લારીધારકો પાસેથી **120** મેઇક્રોનથી ઓછી જાડાઈ ધરાવતી આશરે **10** કિલો પ્લાસ્ટિક કેરીબેગ જપ્ત કરવામાં આવી હતી અને કાપડની થેલીઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------